**નવી સેવા-૨૦૧૪-૧૫.**
ભરૂચ જિલ્લાના આમોદ હોમગાર્ડઝ યુનિટ કચેરીના બાંધકામ બાબત.

ગુજરાત સરકાર
ગૃહવિભાગ
**ઠરાવ ક્રમાંકઃહગદ/૧૦૨૦૧૩/૧૯૫૮/ફ**
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ-૧૮/૭/૨૦૧૪

**વંચાણે લીધાઃ-**

(૧) ડાયરેકટર જનરલ, હોમગાર્ડઝ, ગુજરાત રાજ્ય, અમદાવાદનો તા.૨૬/૧૧/૨૦૧૩ નો પત્ર ક્રમાંકઃકજ/વહટ/૨૨૩/૧૦૩૪/૨૦૧૩

**ઠરાવઃ-**

ડાયરેકટ જનરલ, હોમગાર્ડઝ, ગુજરાત રાજ્ય, અમદાવાદના નિયંત્રણ હેઠળની જિલ્લા કમાન્ડન્ટ, હોમગાર્ડઝ ભરૂચના તાબાના આમોદ ખાતેના હોમગાર્ડઝ યુનિટ કચેરીના મકાન બાંધકામ અંગે વર્ષ ૨૦૧૪-૧૫ ની નવી સેવા તરીકે સમાવવા અંગે ઉકત ક્રમાંક(૧) થી મળેલ દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

આમોદ હોમગાર્ડઝ યુનિટ કચેરીના બાંધકામ માટે કલેકટરશ્રી ભરૂચ દ્વારા જગ્યાની ફાળવણી કરવામાં આવેલ છે, અને બાંધકામ અંગેના નકશા તથા અંદાજો ગુજરાત પોલીસ આવાસ નિગમ લી. ગાંધીનગર દ્વારા તૈયાર કરી આપવામાં આવેલ છે. જે જોતા આમોદ હોમગાર્ડઝ કચેરીના બાંધકામ અંગે અંદાજે રૂ.૫૫.૦૦(લાખ) (અંકે રૂપિયા પંચાવન લાખ પુરા) ની જોગવાઇ વર્ષ ૨૦૧૪-૧૫ ના અંદાજપત્રમાં નવી સેવા તરીકે સમાવિષ્ટ કરવાની બાબતે નીચેની શરતોને આધીન આથી મંજુરી આપવામાં આવે છે.

(૧) આ દરખાસ્તનો વિભાગની પ્લાન સીલીંગની મર્યાદામાં સમાવેશ કરવામાં આવશે. દરખાસ્તની રકમમાં ફેરફાર થાય તો તે અંગે નાણાવિભાગની મંજુરી મેળવી લેવાની રહેશ.

(૨) બજેટ જોગવાઇને વિભાનસભાની મંજુરી મળ્યા બાદ નાણા સલાહકારશ્રીના પરામર્શમાં વહીવટી મંજુરી અંગે હુકમો કર્યા બાદ જ ખર્ચ કરવાનો રહેશે.

(૩) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૪) પ્રસ્તુત બાબતે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૫) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૬) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાતોનું પાલન કરવાનું રહેશે.

(૭) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ટેન્ડરીંગ અંગેની વખતો વખતની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરેન્ડર કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ નીચેના સદરે ઉધારવામાં આવશે અને તે હેઠળ ચાલુ વર્ષ ૨૦૧૪-૧૫ ના અંદાજપત્રમાં મંજુર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

| | |
|---|---|
| (૧) માંગણી ક્રમાંક | ૪૬ |
| (૨) મુખ્ય સદર | ૪૦૫૫-પોલીસ અંગે મુડી ખર્ચની જોગવાઇ |
| (૩) પેટા મુખ્ય સદર | ૦૦ |
| (૪) ગૌણ સદર | ૨૧૧ પોલીસ આવાસન |
| (૫) પેટા સદર | 06-HSG-51 હોમગાર્ડઝના મકાનોનું બાંધકામ |
| (૬) ખર્ચનો પ્રકાર | આયોજન/મતપાત્ર |
| (૭) હેડ ચાર્જેબલ | ૪૦૫૫ ૦૦ ૨૧૧ ૦૬ |
| (૮) સ્કીમ કોડ | HSG-51 |
| (૯) પ્લાન કોડ | ૧૧૪૬૨૧ |

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૦/૬/૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(સંજય પંડ્યા)**
ઉપ સચિવ
ગૃહવિભાગ

પ્રતિ,

- ડાયરેકટર જનરલશ્રી, સિવીલ ડીફેન્સ અને હોમગાર્ડઝ, ગુજરાત રાજ્ય, શાહીબાગ, અમદાવાદ.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત પોલીસ આવાસ નિગમ લી. ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
- જિલ્લા કમાન્ડન્ટ હોમગાર્ડઝ, ભરૂચ.
- જિલ્લા તિજોરી અધિકારી, ભરૂચ.
- અગ્રસચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી(ગૃહ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેકટ ફાઇલ.